

# 'હેપ્પી બર્થ-ડે બસંતી': યુપીના શખસે તેની વહાલી ભેંસ માટે પાર્ટી યોજી

**ઉજવણીનો** વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો

બલિયા, તા. 3 (PTI) જ્યારે જન્મદિવસ ભેંસનો હોય ત્યારે પણ ઉજવણીમાં ફુગ્ગા, ફૂલની માળાઓ, બર્થ-ડે કેપ, કેક અને 'હેપ્પી બર્થ-ડે'નો સમૂહગાન હોઈ શકે છે. રાજેશ કુમાર વર્માએ મંગળવારે રાત્રે બલિયા જિલ્લાના બડગાંવ ગામમાં એક અનોખા સમારોહમાં પોતાની પાળતુ ભેંસ બસંતીનો ચોથો જન્મદિવસ ઉજવ્યો હતો, જેમાં ગ્રામજનો પણ આ પાર્ટીમાં જોડાયા હતા. ઉજવણીના સ્થળને રંગબેરંગી ફુગ્ગાઓથી શણગારવામાં આવ્યું હતું અને બસંતીને આ પ્રસંગ માટે તેના માથા પર ફૂલોનો હાર અને 'હેપ્પી બર્થ-ડે' કેપ પહેરાવવામાં આવી હતી. તેની સામે બે કેક રાખવામાં આવી હતી અને ગ્રામજનો તેની આસપાસ ભેગા થયા હતા.

જ્યારે કેક કાપવામાં આવી ગ્રામજનોએ તાળીઓ પાડી અને 'હેપ્પી બર્થ-ડે બસંતી!' કહીને સમૂહગાન ગાયું. વર્માએ પછી બસંતીને કેકના ટુકડા અને કેળા ખવડાવ્યા અને ગ્રામજનોમાં મીઠાઈ વહેંચી. પત્રકારો સાથે વાત કરતાં વર્માએ કહ્યું કે, તેમણે પોતાની પાળતુ ભેંસ પ્રત્યેનો સ્નેહ વ્યક્ત કરવાના એક માર્ગ તરીકે આ અસાધારણ ઉજવણી પસંદ કરી હતી.

વર્માએ કહ્યું, ''હું મારી ભેંસને મારા પરિવારની સભ્ય માનું છું. હું તેના પ્રત્યે મારો સ્નેહ અલગ રીતે વ્યક્ત કરવા માંગતો હતો.'' ગ્રામજનો દ્વારા ઉત્સાહપૂર્વક હાજરી આપવામાં આવેલી આ ઉજવણીનો વીડિયો રેકોર્ડ કરવામાં આવ્યો હતો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

પેજ 3

## ઇલાયચી એડ વિવાદ: અજય અને ટાઇગરે FDAને આપ્યો જવાબ, SRKની પ્રતિક્રિયા બાકી



મુંબઈ, તા. 3: અજય દેવગણ અને ટાઇગર શ્રોફે ઇલાયચી જાહેરાતના સંબંધમાં મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ને તેમના જવાબો સબમિટ કર્યા છે, જ્યારે શાહરૂખ ખાનના જવાબની હજી પણ રાહ જોવાઈ રહી છે. દેવગન અને શ્રોફના જવાબો નિયામકને મળી ગયા છે. જોકે, અહેવાલ મુજબ, એફડીએને હજી સુધી શાહરૂખ ખાન તરફથી કોઈ જવાબ મળ્યો નથી. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. આ ઘટનાક્રમ શાહરૂખ ખાન, અજય દેવગણ અને ટાઇગર શ્રોફને આ અભિયાન સાથેના તેમના જોડાણ બદલ મહારાષ્ટ્ર એફડીએ દ્વારા કારણ દર્શાવો નોટિસ આપ્યાના અઠવાડિયા પછી આવ્યો છે. નિયામકે સવાલ ઉઠાવ્યો હતો કે શું આ જાહેરાત વિમલ પાન મસાલાના પરોક્ષ (સરોગેટ) પ્રમોશન સમાન હોઈ શકે છે, જેના પર મહારાષ્ટ્રમાં પ્રતિબંધ છે.

## અરબાઝ ખાન અને મલાઇકા અરોડાનો પુત્ર બોલિવૂડમાં એન્ટ્રી કરશે



મુંબઈ, તા. 3: અરબાઝ ખાન અને મલાઇકા અરોડા માટે ખૂબ જ એક્સાઇટિંગ મોમેન્ટ આવી રહી છે, કારણ કે, તેમનો પુત્ર અરહાન હવે બોલિવૂડમાં ડેબ્યૂ કરવાનો છે. તે બોલિવૂડ ફિલ્મમાં હીરો તરીકે જોવા મળશે. અરબાઝ ખાન અને મલાઇકા અરોડાના પુત્ર અરહાન ખાન ઘણી વાર ઇવેન્ટ્સમાં જોવા મળે છે, પરંતુ હવે સમાચાર આવી રહ્યા છે કે તે એક્ટિંગની દુનિયામાં એન્ટ્રી લેવા જઈ રહ્યો છે. જી હા, સલમાનનો ભત્રીજો અરહાન હવે બોલિવૂડ હીરો બનવાનો છે અને તે પણ એક્શન હીરો બનીને એન્ટ્રી લેશે. રિપોર્ટ મુજબ, અરબાઝ અને મલાઇકાનો પુત્ર અરહાન હવે બોલિવૂડમાં એક એક્શન ફિલ્મમાં લોન્ચ થવાનો છે.



# નેપાળમાં પૂરના કારણે મૃત્યુઆંક 1,259 થયો, હજી પણ હજારો લોકો ગુમ

**સ્વજનો** જીવંત મળવાની આશા છોડી પરિવારોએ કુશના ઘાસના પૂતળાં બનાવી પ્રતીકાત્મક અંતિમ સંસ્કાર શરૂ કર્યા

કાઠમંડુ, તા.3 (PTI) નેપાળમાં આવેલા વિનાશક આકસ્મિક પૂરને કારણે મૃત્યુઆંક ગુરુવારે વધીને 1,259 પર પહોંચી ગયો છે, જેમાં 5,000થી વધુ લોકો હજી પણ ગુમ છે. દિવસો સુધી તેમના સંબંધીઓ વિશે કોઈ માહિતી ન મળ્યા બાદ પરિવારો તેમના માટે પ્રતીકાત્મક અંતિમ સંસ્કારની વિધિ કરી રહ્યા છે.

26 ઓગસ્ટે નેપાળ-તિબેટ સરહદ નજીક બરફ અને ખડકોના ભૂસ્ખલનને કારણે આવેલા આકસ્મિક પૂરે ઉત્તરીય અને મધ્ય નેપાળનાં શહેરો અને ગામડાઓને તબાહ કરી દીધાં હતાં, જેનાથી સર્વત્ર વિનાશ સર્જાયો છે.

નેપાળના નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીઆરઆરએમએ) દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, ભોટેકોશી નદીના પૂરથી મૃત્યુઆંક ગુરુવારે વધીને 1,259 થયો છે, જ્યારે 5,083 લોકો હજી પણ ગુમ છે.

ઓનલાઇનખબર ન્યૂઝ પોર્ટલે ગુરુવારે અહેવાલ આપ્યો હતો કે, રસુવા જિલ્લાના પહારેબેસી ગામમાં રહેવાસીઓએ આઠ દિવસ સુધી તેમના ગુમ થયેલા સંબંધીઓનાં ઠેકાણાં વિશે કોઈ માહિતી ન મળ્યા બાદ તેમની અંતિમવિધિ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

ધ કાઠમંડુ પોસ્ટ અખબારે અહેવાલ આપ્યો છે કે, પૂર પ્રભાવિત વિસ્તારોમાં પરિવારોએ તેમના ગુમ થયેલા સંબંધીઓને જીવંત શોધવાની આશા ઓછી થતાં તેમના અંતિમ સંસ્કાર કરવા માટે કુશના ઘાસમાંથી બનાવેલાં પૂતળાંનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. પરિવારોએ જણાવ્યું હતું કે, તેઓ પ્રતીકાત્મક અંતિમ સંસ્કારનો રસ્તો એટલા માટે અપનાવી રહ્યા છે કારણ કે ગુમ થયેલા તમામ લોકોને શોધી કાઢવાની આશા બહુ ઓછી છે અને મૃતદેહોની ઓળખ કરવી વધુ ને વધુ મુશ્કેલ બની ગઈ છે.

### રશિયા અને યુરોપિયન દેશો વચ્ચે વધતો તનાવ

# રશિયા પોતાના દેશમાં તમામ જર્મન સાંસ્કૃતિક કેન્દ્રો બંધ કરી દેશે

**જર્મનીએ** પોતાના એક એરપોર્ટ પર થયેલા હુમલા બદલ રશિયાને દોષિત

**ગણાવીને** બર્લિનમાંનું હાઉસ કલ્ચર સેન્ટર બંધ કરી દીધું તે પછી રશિયાનું વળતું પગલું

વોર્સો, ૩ સપ્ટેમ્બર(એપી): રશિયા દેશભરમાં આવેલા જર્મન સાંસ્કૃતિક કેન્દ્રોને બંધ કરી દેશે, તેમ વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે ગુરુવારે જણાવ્યું હતું. આ બદલાના પગલાં તરીકે લેવાયેલો નિર્ણય છે, જે મોસ્કો અને યુક્રેન પર રશિયાના આક્રમણનો વિરોધ કરવામાં મદદ કરી રહેલા યુરોપીયન દેશો વચ્ચેના વણસેલા સંબંધો અને વધતા તણાવને દર્શાવે છે.

લાવરોવની આ જાહેરાત ત્યારે આવી જ્યારે બર્લિને લાઈપઝિગ/હેલે એરપોર્ટ પર થયેલા હુમલાના પ્રયાસ માટે રશિયાને જવાબદાર ઠેરવ્યું હતું. જર્મનીએ બુધવારે જાહેરાત કરી હતી કે તે બોન સ્થિત રશિયન કોન્સ્યુલેટ અને જર્મન રાજધાનીમાં આવેલા રશિયન હાઉસ કલ્ચરલ સેન્ટર બંનેને બંધ કરી રહ્યું છે. પશ્ચિમી અધિકારીઓએ મોસ્કો પર તેમના દેશોમાં તોડફોડ અને વિક્ષેપ ઉભો કરવાનો પ્રચાર ચલાવવાનો વારંવાર આરોપ મૂક્યો છે, જેનો હેતુ યુક્રેનને મળતા સમર્થનને નબળું પાડવાનો અને યુરોપીયન રાષ્ટ્રોને અસ્થિર કરવાનો છે; જો કે રશિયન અધિકારીઓ આ વાતનો ઈનકાર કરે છે.

યુરોપ હવે રશિયા સાથેના પોતાના સંબંધોને સંકર યુદ્ધ તરીકે જોઈ રહ્યું છે, જેમાં સાયબર વોરફેર, ભ્રામક પ્રચાર તેમજ પરંપરાગત લશ્કરી ધમકી જેવા સાધનોનો સમાવેશ થાય છે. બંને પક્ષો એકબીજા પર સરકાર પુરસ્કૃત આતંકવાદનો આરોપ લગાવી રહ્યા છે. આ તણાવ મહિનાઓથી ચાલી રહ્યો છે અને યુરોપીયન યુનિયનના દેશો માટે વિદેશ અને સંરક્ષણ નીતિનો સૌથી મોટો પડકાર બની ગયો છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન એવી રણનીતિઓથી પશ્ચિમની પરીક્ષા લઈ રહ્યા છે જે યુદ્ધની સીમાથી જરાક જ નીચે છે અને તેઓ નાટો સભ્યોને હેરાન કરવા માટે દ્રઢ નિશ્ચયી છે, તેમ બ્રિટનની MI6 જાસૂસી સંસ્થાના વડાએ ગયા વર્ષના અંતમાં કહ્યું હતું.

# ચીનમાં એક શખ્સે ખંજવાળી આપવાનો ધંધો શરૂ કર્યો: મબલખ કમાણી

**બે** આઉટલેટમાંથી મહિનાની રૂ. ૧૪ લાખ જેટલી આવક થાય છે પીઠ ખંજવાળવાના કલાકે વસૂલે છે રૂ.4,200



બૈજિંગ, તા. ૩: ચીનમાં એક 32 વર્ષીય ઉદ્યોગસાહસિકે એક આશ્ચર્યજનક રીતે સરળ વિચારને અસામાન્ય વ્યવસાયમાં ફેરવી દીધો છેઃ લોકો હવે કોઈને તેમની પીઠ અને અન્ય ખંજવાળવાળા સ્થળો ખંજવાળવા માટે પૈસા આપી શકે છે. હુબેઈ પ્રાંતના ઝાંગ ઝિયાઓકિયાઓએ સુમા બ્રાન્ડ હેઠળ શેનઝેનમાં આ સેવા શરૂ કરી. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, ગ્રાહકો મસાજ પાર્લરની જેમ જ પથારી પર સૂતા હોય છે જ્યારે તાલીમ પામેલા સ્ટાફ ખાસ ડિઝાઈન કરેલા પોઈન્ટેડ નખનો ઉપયોગ કરીને તેમના શરીરના વિવિધ ભાગોને હળવેથી ખંજવાળી આપે છે!

આ સેવાનો ખર્ચ 300 યુઆન(લગભગ 4200 રૂપિયા) પ્રતિ કલાક છે અને તેને આરામ કરવા, તણાવ દૂર કરવા અને ઊંઘ સુધારવા માટે માર્કેટિંગ કરવામાં આવે છે. ગ્રાહકો સ્ટાફને એ પણ કહી શકે છે કે કયા વિસ્તારોમાં ખાસ ખંજવાળ આવે છે જેથી તેઓ તે સ્થળો પર ધ્યાન કેન્દ્રિત કરી શકે. કેટલીકવાર, આ કેટલાક ગ્રાહકો માત્ર ગલીપચીની અનુભૂતિ કરવા પણ આ ક્રિયા કરાવતા હોય છે. તનાવ ઓછો કરવા પણ લોકો આ ક્રિયા કરાવે છે. ઝાંગે મે મહિનામાં શેનઝેનમાં પોતાનું પહેલું આઉટલેટ ખોલ્યું, ત્યારબાદ એક મહિના પછી ફુટિયન જિલ્લામાં બીજી શાખા ખોલી. બંને સ્ટોર્સ મળીને માસિક કુલ આવક લગભગ 100,000 યુઆન(લગભગ રૂ. 14 લાખ) થાય છે.

# ચીની સરકાર શિક્ષણ ક્ષેત્રની ગેરરીતિઓ પર ત્રાટકી

**ચાર** ટોચના પ્રોફેસરોની હકાલપટ્ટી, દેશભરની યુનિસર્વિટીઓ અને હોસ્પિટલોમાં ૪૦થી વધુ સંશોધકો સામે તપાસ શરૂ કરાઇ



બીજિંગ, 3 સપ્ટેમ્બર(PTI): ચીને શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તતી ગેરરીતિઓ વિરુદ્ધ અત્યાર સુધીની સૌથી મોટી જાહેર કાર્યવાહી શરૂ કરી છે, જેના ભાગરૂપે ચાર અગ્રણી ચીની પ્રોફેસરોએ પોતાના પદ ગુમાવ્યા છે અને યુનિવર્સિટીઓ તથા હોસ્પિટલોના 40થી વધુ સંશોધકો સામે તપાસ ચાલી રહી છે.

હોંગકોંગ સ્થિત 'સાઉથ ચાઇના મોર્નિંગ પોસ્ટ'ના ગુરુવારના અહેવાલ મુજબ, નેશનલ નેચરલ સાયન્સ ફાઉન્ડેશન ઓફ ચાઇના(NSFC) એ 26 ઓગસ્ટે ચીનભરની યુનિવર્સિટીઓ અને હોસ્પિટલોમાં 40થી વધુ સંશોધકો સાથે જોડાયેલા શૈક્ષણિક ગેરરીતિના 31 નવા કેસોની વિગતો જાહેર કરી હતી. ચીનના પ્રમુખ જિનપિંગે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તતી ગેરરીતિઓ સામે કડક કાર્યવાહી કરવાની હાકલ કર્યાના લગભગ બે મહિના પછી NSFCની આ જાહેરાત આવી છે.

અહેવાલમાં જણાવ્યા અનુસાર, એક જાણીતા બ્લોગર અને પીએચડી ડ્રોપઆઉટ 'સ્ટુડન્ટ ગેંગ'એ એપ્રિલ મહિનામાં સાર્વજનિક રૂપે ચાર અગ્રણી પ્રોફેસરોની ઓળખ કરી હતી અને તેમના સંશોધનોમાં ગેરરીતિઓ થઈ હોવાનો દાવો કર્યો હતો, ત્યારબાદ તેમણે અગ્રણી યુનિવર્સિટીઓમાં પોતાના પદ ગુમાવ્યા છે.

આ ચારેય વિદ્વાનોને 'નેશનલ સાયન્સ ફંડ ફોર ડિસ્ટિંગ્વિશ્ડ યંગ સ્કોલર્સ' દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવું સન્માન છે જે અવારનવાર ચીનની ટોચની સાયન્સ અને એન્જિનિયરિંગ સંસ્થઓમાં પ્રવેશ મેળવવા માટે મદદરૂપ બને છે. તેમાંથી ત્રણ વિદ્વાનો પોતપોતાની કોલેજોમાં ડીન અથવા એસોસિએટ ડીન તરીકે સેવા આપી ચૂક્યા હતા. ઓગસ્ટમાં બહાર પાડવામાં આવેલી તેની નોટિસમાં આ ચાર વિદ્વાનોના નામ આપતાં, ફાઉન્ડેશને તેમનું ફંડિંગ અને ટાઇટલ રદ કર્યા છે, તેમને અગાઉ આપવામાં આવેલી 1 કરોડ યુઆન(લગભગ 14.9 લાખ ડોલર) થી વધુની ગ્રાન્ટ પરત કરવાનો આદેશ આપ્યો છે અને 3 થી 7 વર્ષ માટે ફંડિંગ માટે ફરીથી અરજી કરવા પર પ્રતિબંધ મૂક્યો છે.

# પંજાબની વોટર લિસ્ટમાંથી રાઘવ ચઢ્ઢાનું નામ 'શિફ્ટેડ'

**પંજાબની** આપ સરકારના ઇશારે મારું નામ મતદારયાદીમાં શિફ્ટેડ તરીકે વર્ગીકૃત કરાયું: ચઢ્ઢા

**આપે** કહ્યું કે ચઢ્ઢાએ જ પાછલે બારણે પોતાનું નામ દિલ્હીની મતદારયાદીમાં સમાવવાનો પ્રયાસ કર્યો હતો અને હવે પંજાબ સરકાર પર દોષનો ટોપલો ઢોળે છે

ચંદીગઢ/નવી દિલ્હી, તા. ૩(પીટીઆઈ): પંજાબના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ ગુરુવારે જણાવ્યું હતું કે મોહાલીમાં તેમનું મતદાર ઓળખપત્ર નોંધાયેલું હોવા છતાં તેમનું નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાં "સ્થાનાંતર કરેલ " તરીકે ચિહ્નિત કરવામાં આવ્યું છે, અને AAP સરકાર પર રાજકીય બદલો લેવા માટે ચૂંટણી મશીનરીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો.

AAPએ વળતો પ્રહાર કર્યો, ચઢ્ઢા પર "જૂની પ્રક્રિયા" દ્વારા દિલ્હીમાં તેમની મતદાર નોંધણી કરાવવાનો પ્રયાસ કરવાનો અને સમગ્ર દોષ પંજાબ સરકાર પર ઢોળવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. જો કે, ચૂંટણી પંચના એક વરિષ્ઠ અધિકારીએ ચઢ્ઢાનું નામ દિલ્હીની મતદાર યાદીમાં સમાવવાના બેક ચેનલ પ્રયાસોના દાવાને ફગાવી દીધો, કહ્યું કે, "આવું કોઈ પગલું હતું જ નહીં." પંજાબમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કવાયત પછી તૈયાર કરાયેલ ડ્રાફ્ટ મતદાર યાદીમાં ચઢ્ઢાનું નામ "શિફ્ટેડ" તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. "પંજાબમાં AAP સરકારે હવે ડ્રાફ્ટ મતદાર યાદીઓ પર બદલો લેવાની રાજનીતિ અપનાવી છે. હું પંજાબનો વર્તમાન રાજ્યસભા સાંસદ છું, અને મારું મતદાર ID મોહાલી, પંજાબમાં નોંધાયેલું છે. છતાં મારું નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાં 'શિફ્ટેડ' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે," ચઢ્ઢાએ X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

"આ ફક્ત કારકુની ભૂલ જેવું લાગતું નથી. આ રાજકીય બદલો લેવાનો સ્પષ્ટ કિસ્સો છે," તેમણે આરોપ લગાવ્યો.



# કોલકાતામાં અભિષેક બેનર્જીની ઓફિસમાં તોડફોડ

**છ** લોકોની ધરપકડ, ટીએમસીએ બીજેપી પર આરોપ લગાવ્યો

કોલકાતા, તા. ૩ (PTI): તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીની શહેરના કેમેક સ્ટ્રીટ સ્થિત ઓફિસમાં ગુરૂવારે વહેલી સવારે તોડફોડ કરવામાં આવી હતી, જેનાથી પશ્ચિમ બંગાળમાં એક નવો રાજકીય વિવાદ ઊભો થયો છે. વિરોધ પક્ષે આ હુમલા માટે ભાજપ સાથે જોડાયેલા લોકોને જવાબદાર ઠેરવ્યા છે, જેને શાસક પક્ષે ફગાવી દીધો છે. આ ઘટનાના સંબંધમાં પોલીસે પાડોશી જિલ્લા હાવડાના છ લોકોની ધરપકડ કરી છે. આ ઘટના એ જ ઈમારતમાંથી ટીએમસીનું એક ગેરકાયદેસર બિલબોર્ડ પોલીસે હટાવ્યાના એક અઠવાડિયા પછી બની છે.

અધિક પોલીસ કમિશનર (ક્રાઈમ) કુણાલ અગ્રવાલે જણાવ્યું હતું કે, ધરપકડ કરાયેલા લોકોની પૂછપરછ કરીને તેમનો હેતુ શું હતો અને તેઓ કોઈ રાજકીય જોડાણ ધરાવે છે કે કેમ તે જાણવામાં આવશે.ટીએમસી સુપ્રિમો મમતા બેનર્જીએ આ ઘટનાની નિંદા કરી હતી અને ચેતવણી આપી હતી કે જો તેમની પાર્ટી સામે અત્યાચારો ચાલુ રહેશે તો નવી દિલ્હીમાં ભાજપના નેતાઓના નિવાસસ્થાન બહાર ધરણાં કરવામાં આવશે, જ્યારે શાસક પક્ષે આ હુમલામાં પોતાની કોઈ ભૂમિકા હોવાનો ઈનકાર કર્યો હતો. અગ્રવાલે જણાવ્યું હતું કે, પોલીસ આ ઘટનામાં સંકળાયેલા અન્ય લોકોને ઓળખવાનો પ્રયાસ કરી રહી છે.

ફૂટેજ પરથી સંકેત મળે છે કે આશરે ૧૦-૧૨ લોકો સંકળાયેલા હોઈ શકે છે.

# ડ્રગ્સ: ૪ રાજ્યોમાં ઈડીના દરોડા; ૨ ડઝનથી વધુ ગુનેગારોની સંડોવણી

**આરોપીઓનું** વિદેશી જોડાણ શંકાના દાયરામાં

ચેન્નઈ, તા. ૩ (PTI) મની લોન્ડરિંગના એક કેસની તપાસના ભાગરૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે દક્ષિણના ચાર રાજ્યો - તમિલનાડુ, કર્ણાટક, તેલંગાણા અને કેરળ -માં એકસાથે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી સીમાપારના જોડાણો ધરાવતા ડ્રગ્સ તસ્કરીના અનેક કેસો સાથે જોડાયેલી છે. તમિલનાડુમાં ચેન્નઈ, તિરુનેલવેલી, નાગાપટ્ટિનમ, વેલંકન્ની અને રામનાથપુરમ; કર્ણાટકમાં કોલાર, માલુર (કોલાર જિલ્લો) અને હોસ્કોટે (બેંગલુરુ નોર્થ જિલ્લો); તેલંગાણામાં સેરીલિંગમપલ્લી અને નાનાકરામગુડા (હૈદરાબાદ) તથા રંગા રેડ્ડી જિલ્લો; કેરળમાં કોઝીકોડ, કન્નુર, મલપ્પુરમ અને થ્રિસુરમાં આવેલા લગભગ ૩૦ સ્થળો પર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ હાથ ધરાયેલી તપાસના ભાગરૂપે દરોડા પાડવામાં આવ્યા હતા. ડ્રગ્સ તસ્કરી સંબંધિત અલગ-અલગ રાજ્ય પોલીસ અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી) દ્વારા દાખલ કરાયેલી આશરે આઠ એફ.આઈ.આર. અને ચાર્જશીટ આ ઈડી કાર્યવાહીનો આધાર છે.

આ કાર્યવાહી કેન્દ્ર સરકારના 'નશા મુક્ત ભારત અભિયાન' અને તાજેતરમાં ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા 'વિઝન ડોક્યુમેન્ટ ઓન નાર્કોટિક્સ કંટ્રોલ ૨૦૨૬-૨૦૨૯' હેઠળ વિચારવામાં આવેલી અમલીકરણ યોજનાનો એક ભાગ છે.

ઈડીની નજર હેઠળના આ કેસોમાં મેથમફેટામાઈન, ગાંજો (મેરિજુઆના) અને એમડીએમએ જેવા નશીલા પદાર્થોની તસ્કરી સામેલ છે, જેના સીમાપાર શ્રીલંકા અને કેટલાક પશ્ચિમ એશિયાઈ દેશો સાથે જોડાણો છે અને તેમાં બે ડઝનથી વધુ ભારતીય અને વિદેશી નાગરિકો સામેલ છે.


## હિન્દુજા લેલેન્ડ ફાઇનાન્સ લિમિટેડ

કોર્પોરેટ ઓફિસ: ૨૭ એ, ડેવલપ્ડ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ગિન્ડી, ચેન્નાઈ - 600032. CIN: U65993MH2008PLC384221.
શાખા કાર્યાલય - ત્રીજો માળ, ઇફકો ભવન, પિન્ટૂ એપેરલ્સ પાછળ, શિવરંજની ક્રોસ રોડ પાસે, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫

**સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ("અધિનિયમ") હેઠળ સ્થાવર સંપત્તિના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ સૂચના, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૮ અને ૯ સાથે વંચાતી**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ("અધિનિયમ") હેઠળ સ્થાવર સંપત્તિના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ સૂચના, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૮ અને ૯ સાથે વંચાતી
આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને ઋણ લેનાર/સહ-ઋણ લેનાર/ગીરો લેનાર(ઓ)/જામીનદાર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે હિન્દુજા લેલેન્ડ ફાઇનાન્સ લિમિટેડ (ત્યારબાદ કાયદા મુજબ "સુરક્ષિત લેણદાર" તરીકે ઓળખવામાં આવે છે) ને ગીરો મૂકવામાં આવેલી નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો, જેનો કબજો અધિકૃત અધિકારી દ્વારા કાયદાની કલમ ૧૩(૧૨) અને કાયદાની કલમ ૧૩(૨) હેઠળ સૂચના અનુસાર સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમના નિયમો ૮ અને ૯ હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને લેવામાં આવ્યો છે.
સુરક્ષિત સંપત્તિઓ ૨૪.૦૯.૨૦૨૬ ના રોજ ઇ-ઓક્શન દ્વારા "જેમ છે ત્યાં છે", "જેમ છે તેમ છે", અને "જે કંઈ છે ત્યાં છે" ના ધોરણે વેચવામાં આવશે. આથી સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે અમે વેબસાઇટ www.auctionfocus.in પર પ્રદાન કરાયેલ ઇ-ઓક્શન પ્લેટફોર્મ દ્વારા જાહેર જનતા માટે જાહેર કરવા જઈ રહ્યા છીએ.
વેચાણની વિગતવાર શરતો અને શરતો માટે, કૃપા કરીને HLF/સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઇટ એટલે કે www.hindujaleylandfinance.com માં આપેલી લિંકનો સંદર્ભ લો.

| ખાતા નંબર., ઉધાર લેનાર, સહ-ઉધાર લેનારનું નામ | ૧. ડિમાન્ડ નોટિસ તારીખ ૨. બાકી રકમ ૩. કબજો તારીખ | ૧. અનામત કિંમત ૨. અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના ૧૦%), ૩. બિડમાં વધારો રકમ | ૧. હરાજીની તારીખ અને સમય, ૨. EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ, ૩. મિલકત નિરીક્ષણની તારીખ અને સમય |
|---|---|---|---|
| ૧.ખાતું નંબર: - GJAGBR00809 ૨. ઉધાર લેનારનું નામ: મેસર્સ ક્રિષ્ના કેબલ નેટવર્ક ૩. સહ-ઉધાર લેનારનું નામ: મેસર્સ પટેલ કેબલ ૪. સહ-ઉધાર લેનારનું નામ - મેસર્સ એનજે એડવર્ટાઇઝર્સ ૫. સહ-ઉધાર લેનારનું નામ- શ્રી જનાર્દન જેઠાભાઈ પટેલ ૬. સહ-ઉધાર લેનારનું નામ- શ્રીમતી વંદના જનાર્દન પટેલ ૭. સહ-ઉધાર લેનારનું નામ:- શ્રી પટેલ નકુલ જે ૮. સહ-ઉધાર લેનારનું નામ:- શ્રીમતી ઇન્દુબેન જેઠાભાઈ પટેલ | ક) માંગણી સૂચના તારીખ: ૧૬-૦૧-૨૦૨૪ ખ) માંગણી સૂચના મુજબ બાકી રકમ: રૂ. ૧,૬૪,૪૫,૯૪૪/- (રૂપિયા એક કરોડ ચોસઠ લાખ પિસ્તાલીસ હજાર નવસો ચુમ્માલીસ માત્ર) ગ) કબજો તારીખ: ૧૩-૦૪-૨૦૨૪ ઘ) કબજો: ભૌતિક-૧૯-૦૯-૨૦૨૪ | અનામત કિંમત - મકાન નં. ૨૯ અને ૩૦ - રૂ. ૪૫,૦૦,૦૦૦/- (રૂપિયા પિસ્તાલીસ લાખ માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝિટ - મકાન નં. ૨૯ અને ૩૦ - રૂ. ૪,૫૦,૦૦૦/- (રૂપિયા ચાર લાખ પચાસ હજાર માત્ર) બિડ વધારાની રકમ: - રૂ. ૨૫,૦૦૦/- (રૂપિયા પચીસ હજાર માત્ર) | હરાજીની તારીખ અને સમય: ૨૪-૦૯-૨૦૨૬ (બપોર ૧૨ થી ૦૧ વાગ્યા સુધી) KYC સાથે EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ: - ૨૩-૦૯-૨૦૨૬ સાંજે ૪ વાગ્યા પહેલાં મિલકત નિરીક્ષણની તારીખ અને સમય: -૧૬-૦૯-૨૦૨૬. બપોરે ૧૨ થી ૦૨ વાગ્યા સુધી |

**મિલકત ૧ નું સમયપત્રક** - તમામ ભાગ અને હિસ્સા સાથે ની સ્થાવર મિલકત નો પ્લોટ નં. ૨૯, જમીન ક્ષેત્રફળ ૮૩.૫૨ ચોરસ મીટર અને બિલ્ડ અપ ક્ષેત્રફળ, GF, FF, SF, ૧૧૭૩.૫૯ ચોરસ ફૂટ. શેર નં. ૪૧ થી ૪૫ માટે ફાળવેલ શેર પ્રમાણપત્ર નં. ૦૯. બાંધકામ સાથે અવિભાજિત શેર સાથે, રામેશ્વર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ., રેવન્યુ સર્વે નં. ૭૯૯/૧/૨/૩/૪ અને ૮૦૦/૧ થી ૮૦૦/૫, શહેર સર્વે નં. ૩૦૪૨, મૌજે ગામ વડોદરા કસ્બા, જિલ્લો અને નોંધણી પેટા જિલ્લો વડોદરા. ચતુ: સીમા - ઉત્તર: પ્લોટ નં. ૨૨, દક્ષિણ: સોસાયટી રોડ, પૂર્વ: પ્લોટ નં. ૨૮, પશ્ચિમ: પ્લોટ નં. ૩૦.
તમામ ભાગ અને હિસ્સા સાથે ની સ્થાવર મિલકત નો પ્લોટ નં. ૩૦, જમીન ક્ષેત્રફળ ૮૩.૫૨ ચોરસ મીટર અને બિલ્ડ અપ એરિયા, GF, FF, SF, ૧૧૬.૫૫ ચોરસ ફૂટ, ફાળવેલ શેર પ્રમાણપત્ર નં. ૬૬ થી ૭૦ માટે, બાંધકામ સાથે અવિભાજિત શેર સાથે, રામેશ્વર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ., રેવન્યુ સર્વે નં. ૭૯૯/૧/૨/૩/૪ અને ૮૦૦/૧ થી ૮૦૦/૫, શહેર સર્વે નં. ૩૦૪૨, મૌજે ગામ વડોદરા કસ્બા, જિલ્લા અને નોંધણી ઉપ-જિલ્લો વડોદરા. ચતુ: સીમા - ઉત્તર: પ્લોટ નં. ૨૧, દક્ષિણ: સોસાયટી રોડ, પૂર્વ: પ્લોટ નં. ૨૯, પશ્ચિમ: પ્લોટ નં. ૩૧

ઇચ્છુક બોલી લગાવનારાઓ/ખરીદનારાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ સિક્યોર્ડ ક્રેડિટર શાખા અને હરાજી મિલકતોની મુલાકાત લે, અને પોતાની પૂછપરછ કરે અને વધારાના ચાર્જ, બોજો અને કોઈપણ તૃતીય-પક્ષ હિતોની ખાતરી કરે અને બિડ સબમિટ કરતા પહેલા તેના તમામ પાસાઓમાં પોતાને/પોતાને સંતોષે. મિલકત કર, વીજળી/પાણીના બાકી લેણાં અને કોઈપણ અન્ય બાકી લેણાં, જો કોઈ હોય, જે મિલકત સાથે જોડાયેલ હોય, જે સફળ બોલી લગાવનાર દ્વારા નક્કી કરવામાં આવશે અને ચૂકવવામાં આવશે.
નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિઓ એક જ સંયુક્ત લોટ તરીકે વેચવામાં આવશે, અને ઇચ્છુક ખરીદનાર બધી મિલકતો માટે એક લોટ તરીકે બોલી લગાવશે. વ્યક્તિગત મિલકતો માટે અલગ બોલી સ્વીકારવામાં આવશે નહીં.
રસ ધરાવતા બોલી લગાવનારાઓએ પોર્ટલ પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે અને લોગિન આઈડી અને પાસવર્ડ અગાઉથી મેળવવો જરૂરી છે, જે ઈ-બિડિંગ માટે ફરજિયાત છે, ઓક્શન સર્વિસ પ્રોવાઈડર) મેસર્સ ઓક્શન ફોકસ પ્રાઇવેટ લિમિટેડ. ઈમેલ આઈડી - support@auctionfocus.in. સંપર્ક વ્યક્તિ - શ્રીમતી શ્રદ્ધા, સંપર્ક નંબર - ૯૦૧૬૬૪૧૮૪૮ અને સંપર્ક વ્યક્તિ - શ્રી કરણ સોની સંપર્ક નંબર - ૯૪૨૭૬૨૨૨૪૨ કૃપા કરીને નોંધ લો કે સંભવિત બોલી લગાવનારાઓ ફક્ત તેમની પાસેથી જ ઈ-ઓક્શન પર ઓનલાઈન તાલીમ મેળવી શકે છે. ઇચ્છુક ખરીદનાર/બિડરએ અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) ની રકમ NEFT/RTGS/DD દ્વારા "HINDUJA LEYLAND FINANCE LTD", બેંક- કોટક મહિન્દ્રા બેંક, એકાઉન્ટ નં-3011253960 અને IFSC કોડ- KKBK0000462, જેની શાખા અન્ના સલાઈ ખાતે છે, તેના ખાતામાં 23-09-2026 ના રોજ અથવા તે પહેલાં કોઈપણ રાષ્ટ્રીયકૃત અથવા અનુસૂચિત બેંકમાં જમા કરાવવાની રહેશે અને https://www.auctionfocus.in પર પોતાનું નામ નોંધાવવાની રહેશે અને મફતમાં યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવાનો રહેશે અને સેવા પ્રદાતા પાસેથી ઈ-ઓક્શન પર તાલીમ મેળવવાનો રહેશે. વેબસાઇટ પર નોંધણી કરાવ્યા પછી, ઇચ્છુક ખરીદનાર/બિડરને નીચેના દસ્તાવેજોની નકલો અપલોડ કરીને, ઈ-મેલ કરીને અને સ્વ-પ્રમાણિત હાર્ડ કોપી સરનામે મોકલવાની રહેશે: સરનામું: ત્રીજો માળ, IFFCO ભવન, પિન્ટૂ એપેરલ પાછળ, શિવરંજની ક્રોસ રોડ પાસે, સેટેલાઇટ, અમદાવાદ-380015 અધિકૃત અધિકારી શ્રી રોહન એસ ગઢવી મોબાઇલ નંબર ૮૧૫૬૦૧૩૨૯૪ ઇ-મેઇલ આઈડી rohankumargadhavi@hindujaleylandfinance.com અને શ્રી દીપંકર સુનિલ બિડ મોબાઇલ નંબર ૯૦૪૯૦૦૨૨૭૬ ઇ-મેઇલ આઈડી dipankarbid@hindujaleylandfinance.com નિયમો અને શરતો વિશે વધુ વિગતો માટે કૃપા કરીને https://www.auctionfocus.in અને www.hindujaleylandfinance.com ની મુલાકાત લો. ઈ-હરાજીમાં ભાગ લેવા માટે કૃપા કરીને.

**તારીખ: ૦૪-૦૯-૨૦૨૬, સ્થળ: અમદાવાદ** **અધિકૃત અધિકારી, હિન્દુજા લેલેન્ડ ફાઇનાન્સ લિમિટેડ માટે.**